MSUમાં રિસર્ચ સ્કોલર્સ માટે એક વિશેષ એક્સપર્ટ ટોક યોજાઇ



વાણિજ્ય વિદ્યાશાખાના રિસર્ચ પ્રમોશન એન્ડ એકેડેમિક ડેવલપમેન્ટ સેલ (RPADC) દ્વારા MSUના રિસર્ચ સ્કોલર્સ માટે એક વિશેષ એક્સપર્ટ ટોકનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમનો વિષય How to Write Impactful Literature Review હતો. જેમાં મુખ્ય વક્તા તરીકે પ્રો. અનૂપ પાંડે, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ, કોમર્સ, B.G.R. કેમ્પસ પૌરી, HNB ગઢવાલ યુનિવર્સિટી (સેન્ટ્રલ યુનિવર્સિટી), ઉત્તરાખંડએ ઉપસ્થિત રહીને સંશોધકોને લિટરેચર રિવ્યુ લખવાની આધુનિક અને અસરકારક પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના સંકલનમાં પ્રો. પ્રજ્ઞેશ શાહ, ડીન, વાણિજ્ય વિદ્યાશાખા, પ્રો. વિલાસ ચૌહાણ, કોઓર્ડિનેટર, RPADC અને ડો. નિધિ અર્ગડે, ઈવેન્ટ કોઓર્ડિનેટરએ મહત્વની ભૂમિકા ભજવી હતી.